Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX,
NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેદનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
ફી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા
Osteoarthritis
DTRT | ઉપનાહ સ્વેદન | લેપન | વેદાગ્નિકર્મ | પંચકર્મ
EKLપંચકર્મ | પટ્ટબંધન | અગ્નિકર્મ | ક્ષારકર્મ | વેદનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ દશમ બુધવાર ૪ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૧૯

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

હોર્મુઝમાં ભારતીય જહાજ પર હુમલો: ગુજરાતના નાવિકનું મોત

ઓમાન કોસ્ટ ગાર્ડે 13 ભારતીય નાવિકોને બચાવ્યા।

વિદેશ મંત્રાલયે વેપારી જહાજો પરના હુમલા અટકાવવા અપીલ કરી

મસ્કત (ઓમાન), તા. 3: પશ્ચિમ એશિયામાં વધી રહેલા લશ્કરી તણાવ વચ્ચે હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ)માં 2 નવેમ્બરના રોજ 'એમએસવી અલ જુસુફી' નામના એક ભારતીય જહાજ પર હુમલો થયો હતો. આ હુમલામાં ગુજરાતના ગાંધાર નાહીમ અઝીઝ નામના નાવિકનું મોત નીપજ્યું છે, જ્યારે જહાજ પર સવાર અન્ય 13 ભારતીય નાવિકોને ઓમાનના કોસ્ટ ગાર્ડે સફળતાપૂર્વક સુરક્ષિત બહાર કાઢ્યા છે.

આ હુમલા બાદ ભારતીય વિદેશ મંત્રાલયે સખત પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર વેપારી જહાજોને નિશાન બનાવવાની પ્રવૃત્તિઓ તુરંત બંધ થવી જોઈએ અને જહાજોની આંતરરાષ્ટ્રીય અવરજવર બિનઅધિકૃત અડચણો વગર ચાલુ રહેવી જોઈએ.

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ પત્રકારોને જણાવ્યું હતું કે, ફેબ્રુઆરીમાં પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં સંઘર્ષ શરૂ થયો ત્યારથી અત્યાર સુધીમાં કુલ 23 ભારતીય નાગરિકોનાં મોત નીપજ્યા છે, જેમાં 15 ભારતીય નાવિકોનો સમાવેશ થાય છે.

નવી દિલ્હીએ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે ચાલી રહેલી રાજદ્વારી વાટાઘાટોને ઝડપથી આખરી ઓપ આપવા પર ભાર મૂક્યો છે અને કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ જળમાર્ગો પર મુક્ત નૌકાપરિવહન જળવાઈ રહેવું જોઈએ.

ઓમાનસ્થિત ભારતીય દૂતાવાસ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને બચાવવામાં આવેલા 13 ભારતીય નાવિકો તેમજ મૃતક નાવિકના પાર્થિવ દેહને વહેલી તકે ભારત પરત લાવવા માટે ઓમાનના સત્તાવાળાઓ સાથે સંકલન સાધી રહ્યું છે.

બ્રિટિશ દરિયાઈ સુરક્ષા એજન્સી યુકેએમટીઓના અહેવાલ મુજબ,

...અનુસંધાન પાના 11 પર



ઈરાને 3 નવેમ્બરે તેહરાનભરમાં એક વિશાળ હોર્ડિંગ અને બેનરો લગાવ્યા હતા, જેમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ સાથે ઈરાનની રાજધાનીમાં સત્તાવાર સ્તરે ચાલી રહેલી નિવેદનબાજી એક નવા સ્તરે પહોંચી ગઈ છે. તેહરાનના વ્યસ્ત એન્વેલાબ સ્ક્વેર પર લાગેલા એક વિશાળ હોર્ડિંગ પર લખ્યું હતું, "અમે ટ્રમ્પને મારી નાખીશું", જેમાં અમેરિકી રાષ્ટ્રપતિને જેલના સળિયા પાછળ ઝૂકેલા માથા સાથે દર્શાવવામાં આવ્યા હતા. નજીકના જ એક અન્ય હોર્ડિંગમાં ટ્રમ્પની સાથે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ, સ્પેશિયલ દૂત સ્ટીવ વિટકોફ અને ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુને ફાટેલા ઈઝરાયેલી અને અમેરિકી ઝંડાઓની પૃષ્ઠભૂમિમાં લોહીલુહાણ ચહેરા અને ફાટેલા કપડાંમાં દર્શાવવામાં આવ્યા હતા. ચોકમાં "લોહી વહેશે" લખેલા બેનરો સાથે ડઝનબંધ લોકોએ લાલ ઝંડા લહેરાવ્યા હતા. તેઓ માર્યા ગયેલા સર્વોચ્ચ નેતા આયાતોલ્લા અલી ખામેનેઈની મોતનો બદલો લેવાની માંગ કરી રહ્યા હતા, જેઓ 28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા-ઈઝરાયેલના હુમલામાં માર્યા ગયા હતા, જેનાથી મધ્ય પૂર્વમાં યુદ્ધ શરૂ થયું હતું.

આંધ્ર પ્રદેશમાં ભયાનક 'મુરાસુ' ચક્રવાત ત્રાટક્યું: બેનાં મોત

52 હજાર હેક્ટર પાક બરબાદ, 300થી વધુ ઘરો ક્ષતિગ્રસ્ત, અંદાજે 344 કરોડનું નુકસાન બાપાતલામાં 22 સેમી વરસાદ પડ્યો

અમરાવતી, તા. 3 (પીટીઆઈ): આંધ્રપ્રદેશમાં એક જ અઠવાડિયામાં બીજા ગંભીર ચક્રવાતી તોફાન 'મુરાસુ'એ ભારે તારાજી સર્જી છે, જેના કારણે મંગળવારે ઓછામાં ઓછા બે લોકોનાં મોત નીપજ્યા છે અને 52000 હેક્ટરથી વધુ વિસ્તારમાં ઊભેલો પાક નાશ પામ્યો છે તથા 300થી વધુ ઘરો અને વીજ પુરવઠાની લાઈનોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ચક્રવાતી તોફાને મંગળવારે વહેલી સવારે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે લેન્ડફોલ કર્યું હતું, જેના કારણે 15 જિલ્લાઓમાં ઊભેલા પાકમાં પાણી ભરાઈ ગયા હતા, જેમાં કૃષ્ણા, બાપાતલા અને નંદ્યાલ જિલ્લાઓ

...અનુસંધાન પાના 11 પર

ચક્રવાતી તોફાન નબળું પડ્યું

ગંભીર ચક્રવાતી તોફાન હવે નબળું પડીને ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થઈ ગયું છે અને 3 નવેમ્બરની મધ્યરાત્રિ સુધીમાં તે વધુ નબળું પડીને ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ જવાની સંભાવના છે. હવામાન વિભાગે બુધવારે તટીય આંધ્રપ્રદેશના અલગ-અલગ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ઉલ્લેખનીય છે કે આ ગંભીર ચક્રવાત ત્રાટક્યું તે દરમિયાન પવનની ઝડપ પ્રતિ કલાક 100થી 110 કિમી અને પવનોની ઝડપ 120 કિમી પ્રતિ કલાક સુધી પહોંચી હતી.

ટ્રેન, વિમાન અને વાહન વ્યવહાર ખોરવાયો

વાવાઝોડાને કારણે વિઝિબિલિટી (દ્રશ્યતા) ઓછી થઈ જવાથી રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર વાહનો ફસાઈ ગયા હતા, જેના કારણે વાહનવ્યવહાર ગંભીર રીતે પ્રભાવિત થયો હતો. ખરાબ

...અનુસંધાન પાના 11 પર

દિલ્હી ડાયરી



ચારધામ હેલિકોપ્ટર સેવાઓ પર સંકટ

આ એક અલગ જ પ્રકારની 'એર-સ્ટ્રાઇક' થવા જઈ રહી છે, કોઈ હવાઈ હુમલા જેવી નહીં. ડાયરેક્ટોરેટ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) અને ઉત્તરાખંડ સિવિલ એવિએશન ડેવલપમેન્ટ ઓથોરિટી (યુસીએડીએ) દ્વારા દરેક ચાર્ટર ઉડાન માટે બોર્ડ પર બે પાઇલટ્સ હોવા ફરજિયાત કર્યા પછી ચારધામ (બદ્રીનાથ-કેદારનાથ સર્કિટ) હેલિકોપ્ટર ઓપરેટરોએ સેવાઓ સ્થગિત કરવાની ચીમકી આપી છે. ઓપરેટરોએ ચેતવણી આપી છે કે, આવી આવશ્યકતા કામગીરીને આર્થિક રીતે અસક્ષમ બનાવી દેશે.

ઉત્તરાખંડના જોશીમઠમાં 30 ઓક્ટોબરે થયેલી હેલિકોપ્ટર દુર્ઘટના બાદ ચારધામ હેલિકોપ્ટર સેવાઓ માટે બે-પાઇલટ્સનો નિયમ લાગુ કરવામાં આવ્યો હતો, જેમાં પાઇલટ સહિત 6 લોકોનાં મોત થયાં હતાં.

એવિએશન રેગ્યુલેટર્સને કરેલી સામૂહિક રજૂઆતમાં હેલિકોપ્ટર ઓપરેટરોએ નિર્દેશની તાકીદની સમીક્ષા કરવાની માંગ કરી હતી અને દલીલ કરી હતી કે, પરામર્શ વિના તેનો અમલ કરવાથી કામગીરી ટકાઉ રહેશે નહીં. ઓપરેટરોએ જણાવ્યું હતું કે, બે-પાઇલટ્સની આવશ્યકતાથી કૂ, રહેઠાણ અને લોજિસ્ટિકલ ખર્ચમાં નોંધપાત્ર વધારો થશે.

નામ ન છાપવાની શરતે એક હેલિકોપ્ટર ઓપરેટરે 30 ઓક્ટોબરના એર ક્રેશમાં હવામાનની ભૂમિકા પર સવાલ ઉઠાવતા દાવો કર્યો હતો કે,

...અનુસંધાન પાના 11 પર

તા.03-૧૧-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૪.૬° સે.	૨૨.૮° સે.	૩૫%

અમેરિકા ઈઝરાયેલને અપાતી વાર્ષિક 4 બિલિયન ડોલરની મદદ બંધ કરશે: ટ્રમ્પ

ઈઝરાયેલ હવે આર્થિક સહાય મેળવવાને બદલે અમેરિકા પાસે લશ્કરી સરંજામ ખરીદશે

ટ્રમ્પે કહ્યું કે નેતન્યાહૂ સાથે વિચારવિમર્શ બાદ આ નિર્ણય લેવાયો, ઈઝરાયલને આ મદદની જરૂર નથી

વોશિંગ્ટન, તા. 3 (એપી): અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જાહેરાત કરી છે કે અમેરિકા વર્ષ 2027 ઈઝરાયેલને દર વર્ષે આપવામાં આવતી 4 બિલિયન ડોલરની નાણાકીય સહાય બંધ કરશે, પરંતુ મધ્ય પૂર્વમાં તેના સૌથી નજીકના સાથી દેશને લશ્કરી આધુનિક હથિયારો અને સરંજામનું વેચાણ ચાલુ રાખશે.

ફોક્સ ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં રિપબ્લિકન પ્રમુખ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ જ આ અંગે પ્રસ્તાવ મૂક્યો હતો અને બંને દેશો વચ્ચે છેલ્લા બે વર્ષથી આ વિષય પર ચર્ચા ચાલી રહી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈઝરાયેલને હવે આ સહાયની જરૂર નથી અને અમેરિકા માટે આ એક મોટો ખર્ચો હતો. તેમણે ઉમેર્યું કે આ સહાયને બદલે હવે શસ્ત્ર વેચાણ અને લશ્કરી સાધન-સામગ્રીના વિનિમયનો માર્ગ અપનાવવામાં આવશે.

ટ્રમ્પે ઉમેર્યું કે આ સહાય રેમોક્રેટિક ઉમેદવારો માટે રાજકીય ચર્ચાનો મુદ્દો બની ગઈ હતી. 'તમે આને વસ્તુના બદલામાં વસ્તુ કે લશ્કરી મદદ ગણી શકો છો.

અમે ઈઝરાયેલને 4 બિલિયન ડોલરની સામગ્રી અને નાણાં આપીએ છીએ, જેની તેમને જરૂર નથી. આ અંગે બીબી નેતન્યાહૂએ મારી સાથે વાત કરી હતી અને અમે બંને છેલ્લા કેટલાંક સમયથી આ વિષય પર ચર્ચા કરી રહ્યા હતા.'

અગાઉ બ્રાઉન યુનિવર્સિટીના અભ્યાસ અનુસાર, વર્ષ 2023માં ગાઝા યુદ્ધ શરૂ થયા બાદ અમેરિકાએ ઈઝરાયેલને 21.7 બિલિયન ડોલરથી વધુની લશ્કરી મદદ પૂરી પાડી છે. આ સિવાય મધ્ય પૂર્વના સુરક્ષા અભિયાન પાછળ પણ કરોડો ડોલરનો ખર્ચ કરાયો છે.

ટ્રમ્પના આ નિવેદન અંગે ઈઝરાયેલી વડા પ્રધાન કાર્યાલય તરફથી ત્વરિત કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી.

વિરોધનો અધિકાર સર્વોપરી, પણ વેપારીઓનો 'રોટલો' છીનવીને નહીં: સુપ્રીમ

દેખાવો માટે કોઈ સ્થળ અનંતકાળ સુધી રોકી શકાય નહીં: સુપ્રીમ કોર્ટ

રામલીલા મેદાનમાં પ્રદર્શન: તહેવારોની સિઝનમાં વેપાર ભાંગી પડવાની વેપારી સંગઠનની અરજી પર ઈન્ડિયા ગઠબંધન પાસેથી જવાબ મગાવ્યો

પ્રદર્શનોના કારણે કનોટ પ્લેસ સહિતના મુખ્ય બજારોમાં હજારો કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): દિલ્હીના રામલીલા મેદાન ખાતે ચાલતા વિરોધ પ્રદર્શનોને કારણે તહેવારોની સિઝનમાં વેપાર ધંધાને નુકસાન પહોંચતું હોવાની વેપારી સંગઠનની અરજી પર સુપ્રીમ કોર્ટે મંગળવારે સુનાવણી હાથ ધરી હતી.

ભારતના ચીફ જસ્ટિસ સૂર્ય કાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે આકરું વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું હતું કે, 'કોઈ પણ પક્ષ કે સંગઠન અનંતકાળ સુધી કોઈ પ્રદર્શન સ્થળ પર કબજો જમાવી શકે નહીં. વિરોધ કરવાનો અધિકાર બંધારણીય છે, પરંતુ તેની સામે રોજમદાર મજૂરો અને વેપારીઓના આજીવિકાના અધિકારનો પણ સંતુલિત સમન્વય જરૂરી છે.' અદાલતે અરજીકર્તા 'કિરાના કમિટી દિલ્હી'ને આ મામલે વિરોધ પ્રદર્શનનું આયોજન કરનાર ઈન્ડિયા ગઠબંધનના રાજકીય પક્ષો અને એનજીઓને પણ પક્ષકાર બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. જાન્યુઆરીથી ચાલી રહેલા વિરોધ

...અનુસંધાન પાના 11 પર

માઉન્ટ એવરેસ્ટ ક્ષેત્રમાં બે હેલિકોપ્ટર ટકરાતાં એક ભારતીયનું મોત

નેપાળના સોલુખુમ્બુ જિલ્લામાં લેન્ડિંગ વખતે ફિશટેલ એર અને એર ડાયનેસ્ટીના હેલિકોપ્ટર વચ્ચે ટક્કર થઈ



કાઠમાંડુ, તા. 3 (પીટીઆઈ): નેપાળના પર્વતમાળાવાળા સોલુખુમ્બુ જિલ્લામાં મંગળવારે સવારે બે હેલિકોપ્ટર એકબીજા સાથે અથડાતાં ચોત્રીસ વર્ષીય એક ભારતીય નાગરિકનું કરૂણ મૃત્યુ થયું છે અને અન્ય એક ભારતીય મૂળના પ્રવાસી ઈજાગ્રસ્ત થયા છે.

નેપાળ પોલીસના જણાવ્યા અનુસાર, માઉન્ટ એવરેસ્ટના પ્રવેશદ્વાર ગણાતા લુક્લા એરપોર્ટથી ઉડાન ભરેલા ફિશટેલ એર અને એર ડાયનેસ્ટી કંપનીના બે હેલિકોપ્ટર સોલુખુમ્બુ જિલ્લાના ખુંબુ પાસાંગ લ્હામુ ગ્રામ પંચાયતના ફેરીચે વિસ્તારમાં લેન્ડિંગ કરતી વેળાએ સવારે આશરે 8:11 વાગ્યે ટકરાયા હતા.

ફિશટેલ એરના હેલિકોપ્ટરમાં સવાર 47 વર્ષીય ભારતીય નાગરિક વસંત કુમાર બલારામારામદુનું અકસ્માતમાં મોત નીપજ્યું હતું. જ્યારે તેમની સાથે હાજર ન્યુઝીલેન્ડના 49 વર્ષીય ભારતીય મૂળના નિવાસી શૈલેષ કૃષ્ણ પટેલ ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમને પ્રભુ હેલિકોપ્ટર દ્વારા કાઠમંડુની મેડિસિટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં બંને હેલિકોપ્ટરના નેપાળી પાયલટો પણ ઘાયલ થયા છે.

કાઠમંડુ સ્થિત ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પર આ દુર્ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને મૃતદેહને વહેલી તકે ભારત પરત લાવવા માટે નેપાળી અધિકારીઓ સાથે મળીને કામગીરી હાથ ધરી છે. ફેરીચે એવરેસ્ટ બેઝ કેમ્પના માર્ગ પર આવેલું છે. નેપાળની અટપટી પર્વતમાળાઓ અને ખરાબ હવામાનને કારણે ત્યાં અગાઉ પણ વિમાન અને હેલિકોપ્ટર દુર્ઘટનાઓ થતી રહી છે. પોલીસે મૃતદેહને લુક્લા હોસ્પિટલમાં ખસેડીને વધુ તપાસ શરૂ કરી છે.

નેપાળના અત્યંત વિષમ અને દુર્ગમ પર્વતમાળાવાળા ભૂપ્રદેશ, ઊંચાઈવાળા વિસ્તારોમાં હવામાનના અણધાર્યા પલટા અને જૂની એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમના કારણે ત્યાં વિમાન અને હેલિકોપ્ટર અકસ્માતો વારંવાર સર્જાતા રહે છે.

મિડટર્મ ચૂંટણી ટાણે અમેરિકાનો ઈરાન પર હુમલો



વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ કેશ્મ દ્વીપ પર નવા બનેલા એન્ટી-એરક્રાફ્ટ મથકને બનાવાયું નિશાન પ્રમુખ ટ્રમ્પે આ કાર્યવાહીને ગણાવ્યો 'નાનો હુમલો'

ઈઝરાયેલનું દબાણ અને પરોક્ષ વાટાઘાટો છતાં સૈન્ય કાર્યવાહી યથાવત

વોશિંગ્ટન, તા. 3 (એપી): અમેરિકામાં મિડટર્મ ચૂંટણીના મતદાનના માત્ર થોડા જ કલાકો અગાઉ અને તણાવપૂર્ણ માહોલ વચ્ચે યુનાઈટેડ સ્ટેટ્સે હોર્મુઝની સામુદ્રધુની પાસે આવેલા વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ કેશ્મ દ્વીપ પર ઈરાની લક્ષ્યો સામે ગુપ્ત સૈન્ય હુમલા કર્યા છે.

ઈરાની સરકારી મીડિયા અને સ્થાનિક અહેવાલો અનુસાર, કેશ્મ અને હેંગામ ટાપુઓ તેમજ નજીકના મુખ્ય ભૂમિ વિસ્તાર બંદર અબ્બાસમાં એક પછી એક પાંચ જોરદાર વિસ્ફોટોના અવાજો સાંભળવા મળ્યા હતા. અગાઉના યુદ્ધોથી વિપરીત આ હુમલાઓની અગાઉથી કોઈ જાહેર જાહેરાત કરવામાં આવી નહોતી.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ સૈન્ય કાર્યવાહીની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે અમેરિકી બળોએ રાત્રે ઓપરેશન પાર પાડીને તાજેતરમાં જ નિર્માણ પામેલા એક નવા એન્ટી-એરક્રાફ્ટ મથકને નિશાન બનાવ્યું હતું. તેમણે આ ઓપરેશનને એક 'નાનો હુમલો' ગણાવ્યો હતો.

ઈરાની મીડિયાએ અમેરિકાના બે જાસુસી ડ્રોન તોડી પાડવાનો દાવો કર્યો હતો.

આ અગાઉ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ચૂંટણી પહેલા અમેરિકા ઈરાન પર કોઈ હુમલો નહીં કરે કારણ કે અગાઉની ફરીથી શરૂ થયેલી લડાઈ અને તેના કારણે અમેરિકામાં ગેસોલિનના ઊંચા ભાવ તથા અર્થતંત્ર પર પડેલી અસર રિપબ્લિકન પાર્ટી માટે ચિંતાનો વિષય બની હતી.

નામ ન આપવાની શરતે એક અમેરિકી અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલાઓ તે ઈરાનીઓ વિરુદ્ધ કરવામાં આવ્યા હતા જેઓ આ સામુદ્રધુનીમાં અમેરિકા સામે સરફેસ-ટુ-એર મિસાઈલનો ઉપયોગ કરી રહ્યા હતા.

વ્હાઇટ હાઉસ અને કતારની મધ્યસ્થીથી ચાલી રહેલી પરોક્ષ વાતચીત વચ્ચે આ હુમલા થવાથી ક્ષેત્રમાં નવો તણાવ ફેલાયો છે. જોકે, ઉપપ્રમુખ જે.ડી વાન્સે જણાવ્યું હતું કે બંને પક્ષો વાટાઘાટો દ્વારા સમાધાન તરફ આગળ વધી રહ્યા છે.

વૈશ્વિક અર્થવ્યવસ્થાને હચમચાવી નાખનાર અને ઈરાનને બરબાદ કરી ચૂકેલા 8 મહિનાથી વધુ સમયના આ યુદ્ધમાં આગળ શું પગલાં લેવા તે અંગે ઈઝરાયેલ અને મધ્ય પૂર્વના કેટલાક સહયોગી દેશો રાષ્ટ્રપતિ ટ્રમ્પ પર દબાણ બનાવી રહ્યા છે, જેના ભાગરૂપે પરોક્ષ (બેક-ચેનલ) વાટાઘાટો પણ ચાલી રહી છે.

ઈરાને કહ્યું અમે ફરી લડાઈ માટે તૈયાર પણ 'હવે યુદ્ધ રોકવાની જવાબદારી અમેરિકાની'

બીજી તરફ, ઈરાનના મુખ્ય વાટાઘાટકાર અને સંસદના સ્પીકર મોહમ્મદ બઘેર ઘાલિબાફે કડક પ્રતિક્રિયા આપતા ચેતવણી આપી છે કે તેઓ ફરીથી યુદ્ધ માટે તૈયાર જ છે, ઈરાને અમેરિકાને મજબૂત અને તાર્કિક જવાબ આપી દીધો છે અને હવે યુદ્ધ અટકાવવાનું કામ અમેરિકાનું છે. ઈરાનમાં કોઈ પણ સંભવિત મોટા સંઘર્ષની આશંકા વચ્ચે દેશભરમાં અર્ધલશ્કરી સ્વયંસેવકોને તાલીમ આપવાની વ્યાપક ઝુંબેશ પણ તેજ કરી દેવામાં આવી છે.

કેશ્મ દ્વીપને અમેરિકા મોટું જોખમ માને છે

હોર્મુઝ સ્ટ્રેટના પ્રવેશ દ્વાર પર સ્થિત કેશ્મ દ્વીપ વ્યૂહાત્મક દ્રષ્ટીએ મહત્વપૂર્ણ છે, અમેરિકા તેને મોટો સૈન્ય જોખમ માને છે. અહેવાલો અનુસાર, કેશ્મ દ્વીપની નીચે સુરંગો અને મીઠાની ગુફાઓનું એક વિશાળ નેટવર્ક આવેલું છે. અહીં ઈરાને તટીય મિસાઈલ સિસ્ટમ અને ઝડપથી હુમલો કરનાર નાની નૌકાઓ છુપાવીને રાખી છે.